### પેટલાદ નગરપાલિકાના ચીફ ઓફિસર પદે આયારામ ગયારામની સ્થિતિ જોવા મળી : ઇન્ચાર્જ સીઓથી પણ વહીવટ ચાલ્યો

# પેટલાદ પાલિકામાં 5 વર્ષમાં 6 સીઓ બદલાયાં

**પાલિકામાં 5 ચીફ** ઓફિસર ચાર્જમાં આવતા કુલ 11એ વહીવટ કર્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.20
પેટલાદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી ફેબ્રુઆરી 2021 માં યોજાઈ હતી. જેમાં ભાજપને સ્પષ્ટ બહુમત મળતાં સત્તાનું પુનરાવર્તન થયું હતું. તે વખતે પાલિકામાં ચીફ ઓફીસર તરીકે પાર્થવન ગોસ્વામી ફરજ બજાવતા હતા. પરંતુ બાદ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન પાલિકામાં 6 ચીફ ઓફીસરની નિમણૂંકો થઈ હતી. જે પૈકી હાલ કૃણાલ પટેલ છે. આ ઉપરાંત 5 ચીફ ઓફીસરે ઈન્ચાર્જ તરીકે પદભાર સંભાળ્યો હતો. આમ પાંચ વર્ષ દરમ્યાન કુલ 11 ચીફ ઓફીસરે જવાબદારી સંભાળી હતી. તેમાંય પેટલાદ નગરપાલિકામાં માત્ર 28 ટકા કાયમી સ્ટાફ હોવાના કારણે નગરજનોના કામોનો સમયસર ઉકેલ આવતો નહીં હોવાનું જાણવા મળે છે. આમ છતાં સત્તાધિશો કાયમી સ્ટાફ ભરી રોજગારી આપવામાં અને ચીફ ઓફીસરના કાર્યકાળને સતત રાખવામાં સદંતર નિષ્ફળ ગયા હોવાની વાત પાલિકા કેમ્પસમાં ચર્ચાસ્પદ બનવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પેટલાદ નગરપાલિકામાં મુખ્ય અધિકારી તરીકે ચીફ ઓફીસર હોય છે. જેઓનો કાર્યકાળ સામાન્ય રીતે ત્રણેક વર્ષ હોય છે. પરંતુ પેટલાદ પાલિકામાં છેલ્લા 60 મહિના દરમ્યાન 6 ચીફ ઓફીસરો વારાફરતી બદલાઈ ચુક્યા છે. જે પૈકીના કેટલાક ચીફ ઓફીસરને પેટલાદ પાલિકા અનુકુળ આવતી ન હોય, જ્યારે કેટલાકને સત્તાધિશો સાથે ફાવતું ના હોવાથી આટલી મોટી સંખ્યામાં ચીફ ઓફીસર બદલાયા હોવાનું જાણવા મળે છે. કેટલાક ચીફ ઓફીસર તો પાલિકામાં મહિનાઓ સુધી રહ્યા હોવા છતાં શહેરના વિસ્તારોથી પણ વાકેફ હોતા નથી, જે પૈકીના વર્તમાન ચીફ ઓફીસર કૃણાલ પટેલ હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

આ ચીફ ઓફીસરને માત્ર પાલિકાની ઓફીસમાં બેસીને કરોડોનો વહીવટ કરવાનું જ ફાવતું હોવાનું જાણવા મળે છે. પેટલાદ શહેરમાં અગાઉ તત્કાલિન ચીફ ઓફીસર હિરલ ઠાકર રોજેરોજ શહેરના વિસ્તારોમાં મુલાકાત લેતા, સફાઈ ઉપર સૌથી વધુ ધ્યાન આપતા, ઉપરાંત નાગરીકોને ફરીયાદ કરવા પોતાનો નંબર પણ સાર્વજનીક કરી દીધો હોવાની વાત જગજાહેર હતી. જ્યારે હાલના ચીફ ઓફીસરના શાસનમાં સમગ્ર શહેરમાં ઠેરઠેર ખાડાઓનું સામ્રાજ્ય, ખખડધજ રસ્તાઓ, સફાઈની બદ્તર હાલત, ઉભરાતી ગટરો, રાત્રીના સમયે રસ્તાઓ ઉપર પાણી વગેરે જેવી સમસ્યાઓથી નગરજનો ઘેરાયેલા છે. ખરેખર તો ચીફ ઓફીસરે પ્રમુખ સહિત સત્તાધિશોના નિર્ણયો અને ઠરાવોનું અમલીકરણ કરવાનું હોય છે.

પરંતુ પેટલાદ પાલિકામાં પૂર્વ પ્રમુખ સહિત સત્તાધિશો ઉપર ચીફ ઓફીસર હાવી થઈ ગયા હોવાને કારણે આજે શહેરની આ દુર્દશા જોવા મળે છે. જે શહેર સ્વચ્છતા સહિત અનેક ક્ષેત્રે રાજ્ય અને દેશમાં એવોર્ડ વિજેતા હતા તેવા આ નગરની હાલના ચીફ ઓફીસરે ઘોર ખોદી નાંખી હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે. પેટલાદ પાલિકામાં છેલ્લા 60 મહિના દરમ્યાન 6 નિયમીત અને 5 ઈનચાર્જ મળી કુલ 11 ચીફ ઓફીસર આવી ચુક્યા હોવાથી નગરની પ્રાથમિક સુવિધાઓનું તંત્ર કથળી ગયું છે. તેમાંય પાલિકાના કેટલાક વિભાગોમાં મુખ્ય કર્મચારીઓ નિવૃત્ત થતાં જગ્યાઓ ખાલી છે. પેટલાદ પાલિકામાં મંજુર મહેકમના માત્ર 28 ટકા જગ્યાઓ ભરેલ હોવા છતાં, મહેકમ ખર્ચ લગભગ 65 ટકા જેટલું છે. પાલિકાના ચીફ ઓફીસર અને ગત અઢી વર્ષના પ્રમુખ દ્વારા લેવાયેલા અણઘડ અને રઘવાયા વહીવટને કારણે આજે પાલિકાની આર્થિક સ્થિતિ પણ ડામાડોળ છે.

#### 5 વર્ષમાં કોણ કોણ ચીફ ઓફિસર રહ્યાં ?

- પાર્થવન ગોસ્વામી (8 મહિના)
- વિપુલ પનારા (ઈ.ચા.) (1 મહિનો)
- કે. કે. સોલંકી (2 મહિના)
- સંજય રામાનુજ (13 મહિના)
- યોગેશ ગણાત્રા (1 મહિનો) (ઈ.ચા.)
- નિતીન સોગાત (4 મહિના)
- હિરલ ઠાકર (ઈ.ચા.) (6 મહિના)
- પંકજ બારોટ (6 મહિના)
- ચંદ્રકાંત દેસાઈ (ઈ.ચા.) (1 મહિના)
- એસ કે ગરવાલ (ઈ.ચા.) (1 મહિના)
- કૃણાલ પટેલ (17 મહિના) (હાલ કાર્યરત)

#### પાલિકાના મંજુર 245 મહેકમ સામે 180 જેટલી જગ્યાઓ ખાલી

પેટલાદ પાલિકામાં વર્ષ 2005માં વહીવટદાર શાસન આવ્યું હતું. જે વખતે વહીવટદાર તરીકે તત્કાલિન પ્રાંત અધિકારી કે.એલ. બચાણીની નિમણૂંક થઈ હતી. તે સમયે વહીવટદાર કે. એલ. બચાણી અને તત્કાલિન ચીફ ઓફીસર રીના પટેલની ઈચ્છાશક્તિને કારણે 123 જેટલા કર્મચારીઓ તથા સફાઈ કામદારોને કાયમી કરવામાં આવ્યા હતા. પછી છેલ્લા 20 વર્ષ દરમ્યાન પાલિકાના એકપણ પૂર્વ પ્રમુખ કે તત્કાલિન ચીફ ઓફીસરે મહેકમ ભરવાની ઈચ્છાશક્તિ બતાવી નથી. જેને કારણે હાલમાં પાલિકાના મંજુર 245 મહેકમ સામે 180 જેટલી જગ્યાઓ ખાલી છે. પરંતુ આ 20 વર્ષ દરમ્યાન પાલિકામાં જેટલા પણ સત્તાધિશો આવ્યા તેઓ પૈકી કેટલાયે પોતાના મળતીયા કે કુટુંબના સભ્યોને હંગામી નોકરી આપવામાં કોઈ પાછીપાની રાખી નથી. જેથી પાલિકામાં કાયમી કર્મચારીઓ માત્ર 28 ટકા હોવા છતાં પગાર ખર્ચ દર મહિને અંદાજીત રૂ.70 લાખ જેટલો થઈ રહ્યો છે. જો કે હંગામી કર્મચારીઓમાં એક નવી આશા એ છે કે હવે વહિવટદારના શાસનમાં કાયમી થવાનું સપનું કદાચ પૂર્ણ થશે ! જોવાનું એ રહેશે કે વહીવટદાર અને ચીફ ઓફીસર મળી ગણતરીના દિવસોમાં આ દિશા તરફ કંઈ વિચારે છે કે કેમ ?

---

### જકાતનાકા બ્રિજ પાસે મહિલાને કચડી

## તારાપુર :વાહનની ટક્કરે રાહદારી મહિલાનું મોત

**મૃતકના જમણા હાથ** પર 'રામ' નામનું છૂંદણું, પોલીસે ઓળખ વિધિ માટે ચક્રો ગતિમાન કર્યા

(પ્રતિનિધિ) તારાપુર તા.20
તારાપુરના જકાતનાકા બ્રિજ ઉતરતા પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ધસી આવેલા અજાણ્યા વાહને રાહદારી મહિલાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા મહિલાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. આ અંગે તારાપુર પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે હાજર રાહદારી હસમુખભાઈ રાવજીભાઈ પરમારે તાત્કાલિક 112 પર જાણ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મૃતક મહિલાએ લીલા-પીળા રંગની ડિઝાઈનવાળી સાડી અને મરૂન રંગનો ચણિયો પહેરેલો છે, તેમજ તેના જમણા હાથ પર 'રામ' નામ કોતરાવેલું છે. હાલમાં મહિલાની કોઈ સત્તાવાર ઓળખ ન મળતા પોલીસે લાશને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડી છે અને તેની ઓળખ મેળવવા માટે તપાસ શરૂ કરી છે. આ અંગે પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

---

### સુરેલી ગામના ૯૯૯ વિઘા ગોચરના દબાણો છોડી માત્ર ભરવાડના ટેકરાના મકાનો તોડાતા રોષ

## સુરેલી ગામમાં દબાણ હટાવવામાં વ્હાલા-દવલાની નિતીનો આક્ષેપ

**ગામના સરપંચ દ્વારા** વ્હાલા-દવલાની નીતિનો ગંભીર આક્ષેપ કરાયો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.20
ઉમરેઠ તાલુકાના સુરેલી ગામે પંચાયત દ્વારા ગોચર અને પંચાયતની જમીન પર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પોલીસ બંદોબસ્ત સાથે શરૂ કરાયેલી આ કામગીરીમાં ગામથી બે કિલોમીટર દૂર આવેલા ભરવાડના ટેકરા વિસ્તારમાં 24થી 25 જેટલા પાકા મકાનો અને દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. જોકે, આ કાર્યવાહીમાં માત્ર ચોક્કસ વિસ્તારને જ ટાર્ગેટ કરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



ઉમરેઠ તાલુકાના સુરેલી ગામમાં જેમનું પાકું મકાન તોડી પાડવામાં આવ્યું છે, તેવા ગેલાભાઇ ભરવાડ અને અન્ય અસરગ્રસ્તોએ સુરેલી ગ્રામ પંચાયત અને સરપંચ ઈનાયતભાઈ પર વ્હાલા-દવલાની નીતિ આચરવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, સુરેલી ગામના 999 વીંઘાના ગોચરમાં, ગામની અંદર અને ઈન્દિરા નગરીમાં અનેક ગેરકાયદેસર દબાણો હોવા છતાં તેના પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. માત્ર ગામથી દૂર વગડામાં આવેલા ભરવાડના ટેકરાના દબાણો જ કેમ તોડવામાં આવ્યા તેવો સવાલ તેમણે ઉઠાવ્યો છે.

આ દબાણ હટાવવાની આ કામગીરી દરમિયાન વિસ્તરણ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા. મકાનો તોડી પડાતા અનેક પરિવારો અને નાના બાળકો રસ્તા પર આવી ગયા છે. અસરગ્રસ્તોનું કહેવું છે કે જો કાયદો હોય તો ગામના દરેક ગેરકાયદેસર દબાણો પર સમાન રીતે પગલાં લેવા જોઈએ. જો ગામના અન્ય દબાણો દૂર કરી ન્યાય આપવામાં નહીં આવે, તો મોટી સંખ્યામાં એકઠા થઈને આંદોલન કરવાની ચીમકી પણ ગ્રામજનોએ ઉચ્ચારી છે.

---

## નડિયાદ નજીક વાહનની હડફેટે યુવકનું કરુણ મોત

**ગુતાલની સીમમાં** અકસ્માત સર્જી વાહન ચાલક પલાયન

(પ્રતિનિધિ) નડિયાદ તા.20
નડિયાદ તાલુકાના ગુતાલ ગામ પાસેથી પસાર થતા નેશનલ હાઈવે 48 પર ગુરુવારની મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. અમદાવાદથી વડોદરા તરફ જતા રોડ પર કોઈ અજાણ્યા વાહન ચાલકે એક રાહદારીને જોરદાર ટક્કર મારતા અંદાજે 35 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, નરસંડાના આઝાદ ચોકમાં રહેતા અને સિક્યુરિટી સુપરવાઈઝર તરીકે નોકરી કરતા સુનિલભાઈ મકવાણાને અકસ્માતની જાણ થતા તેઓ ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અંદાજે 35 વર્ષની વયના એક અજાણ્યા યુવકનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક યુવકે આખી બાયનું સફેદ, લાલ અને કાળા પટ્ટાવાળું ટી-શર્ટ તથા કાળા કલરનો ટ્રેક પહેરેલો હતો.

વાહનની ટક્કર એટલી પ્રચંડ હતી કે રાહદારીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. આ બનાવને પગલે હાઈવે પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ અંગે વડતાલ પોલીસે સુનિલભાઈ મકવાણાની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.

---

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### બાલાસિનોર નગરપાલિકાના સેવાસેતુ કાર્યક્રમમાં 600 અરજીઓનો સ્થળ પર નિકાલ



**બાલાસિનોર** | બાલાસિનોર નગરપાલિકા ખાતે 'સેવાસેતુ કાર્યક્રમ 2.0'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મામલતદાર રાજેન્દ્રસિંહ વાઘેલા, પાલિકા પ્રમુખ ગાયત્રીબેન ત્રિવેદી અને ચીફ ઓફિસર મિલાપ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન સ્થાનિક કર્મચારીઓની મદદથી વહીવટી પ્રક્રિયા હાથ ધરી લોકપ્રશ્નો સાંભળવામાં આવ્યા હતા. આ કેમ્પમાં અંદાજિત 600 જેટલા અરજદારોની વિવિધ અરજીઓનો સંતોષજનક રીતે હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

### નડિયાદ સ્થિત ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટીની વિદ્યાર્થિની નેશનલ કક્ષાએ ઝળકી



**નડિયાદ** | નડિયાદ ખાતે આવેલી ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટીના શારીરિક નિયામક ડો. બી. આર. ઝાલાના માર્ગદર્શન હેઠળ આંતર ભારતીય વિશ્વવિદ્યાલય (એઆઈયુ) કક્ષાની ચેસ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જયપુર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ફેકલ્ટિ ઓફ ટેક્નોલોજીની વિદ્યાર્થિની શેઠ વિધિએ બેસ્ટ પ્લેયરનો એવોર્ડ મેળવ્યો હતો. આ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિ ડો. એચ.એમ. દેસાઇ તથા કેમ્પસ ડાયરેક્ટર અંકુર દેસાઇ તેમજ કુલસચિવ પ્રો. એમ.આર. ભાવસાર અને યુનિવર્સિટી પરિવાર તરફથી વિદ્યાર્થિનીને અભિનંદન પાઠવ્યાં હતાં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આંકલાવ તાલુકામાં રૂ. 3.80 કરોડના ખર્ચે વિવિધ વિકાસકામોનું ખાતમુહુર્ત કરાયું



**આંકલાવ** | આંકલાવ તાલુકાના વિવિધ ગામો અને પરા વિસ્તારોને જોડતા રૂ. 3.80 કરોડના ખર્ચે મંજૂર થયેલા પાકા ડામર રોડના કામોનું શ્રી અમિતભાઈ ચાવડાના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યોમાં અંબાવ, લાલપુરા, બિલપાડ અને ચમારા જેવા વિસ્તારોના કાચા રસ્તાઓને પાકા બનાવવાની કામગીરીનો સમાવેશ થાય છે. આ નવા રસ્તાઓ તૈયાર થવાથી સ્થાનિક ગ્રામજનોની પરિવહન સુવિધામાં મોટો સુધારો થશે અને વર્ષો જૂની હાલાકીનો અંત આવશે. આ પ્રસંગે તાલુકાના આગેવાનો, સરપંચો અને જિલ્લા/તાલુકા પંચાયતના સદસ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### એસ.પી. યુનિવર્સિટીના પ્રો. હિતેન્દ્ર પટેલ RSC લંડનના માનદ અધ્યક્ષ તરીકે ચૂંટાયા



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો. હિતેન્દ્ર એમ. પટેલની લંડનની પ્રતિષ્ઠિત 'રોયલ સોસાયટી ઓફ કેમિસ્ટ્રી' ના વેસ્ટ ઈન્ડિયા લોકલ સેક્શનના માનદ અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. તેઓ ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં રસાયણ વિજ્ઞાન ક્ષેત્રે સંશોધન, નવીનતા અને વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓનું નેતૃત્વ કરી વૈજ્ઞાનિક સમુદાયને મજબૂત બનાવશે. કાર્બનિક અને ઔષધીય રસાયણશાસ્ત્રમાં તેમના વિશિષ્ટ યોગદાન અને નેતૃત્વને ધ્યાને રાખી આ આંતરરાષ્ટ્રીય જવાબદારી સોંપવામાં આવી છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર અને રજિસ્ટ્રારે પ્રો. પટેલને અભિનંદન પાઠવ્યા છે.

### ચારુસેટમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરની તપાસ કરનારા નિષ્ણાત પ્રો. કોડુર ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો



**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના સિવિલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા 'સ્ટ્રક્ચર્સમાં હાઇ પર્ફોર્મિંગ મટીરિયલ્સ' વિષય પર 8મી એન્ડોમેન્ટ ચેર એક્ટીવીટી સફળતાપૂર્વક યોજાઈ હતી.આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે યુએસએની મિશિગન સ્ટેટ યુનિવર્સિટીના પ્રો. વેંકટેશ કોડુર ઉપસ્થિત રહ્યા હતા, જેઓ 9/11 ના હુમલા બાદ તૂટી પડેલી વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઇમારતોની તપાસ કરનાર નિષ્ણાત ટીમમાં સામેલ હતા. આ ત્રણ દિવસીય આ આયોજનમાં 90 જેટલા ડેલીગેટસે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં ટેકનિકલ સેશન્સ અને ક્વિઝ દ્વારા સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ ક્ષેત્રના આધુનિક સંશોધનો અને વૈશ્વિક વલણો વિશે માહિતી આપવામાં આવી હતી.

### કપડવંજ-દ્વારકા નવી બસ સેવાનો ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના હસ્તે પ્રારંભ




**કપડવંજ** | કપડવંજ બસ સ્ટેશન ખાતે શુક્રવારે ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાએ લીલી ઝંડી આપી દ્વારકા જતી નવી બસ સેવાનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે ડેપો મેનેજર અને અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં મુસાફરોની સુવિધા માટે આ મહત્વપૂર્ણ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મુસાફરો માટે કપડવંજથી દરરોજ સાંજે 7-00 કલાકે અને દ્વારકાથી પરત આવવા માટે સાંજે 8-00 કલાકે બસ ઉપડશે. આ નવી સેવાથી કપડવંજ-કઠલાલ વિસ્તારની જનતાને હવે સીધી દ્વારકા યાત્રાધામ સુધીની સુખદ મુસાફરીનો લાભ ઘરઆંગણે મળશે.

### કપડવંજમાં કુબેરજી મહાદેવનો ભવ્ય પાટોત્સવ: શોભાયાત્રામાં ઉમટ્યા ભાવિકો



**કપડવંજ** | કપડવંજમાં ફાગણ વદ એકાદશીના પવિત્ર દિવસે કુબેરજી મહાદેવનો પ્રતિષ્ઠા મહોત્સવ પરંપરાગત આસ્થા અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વાજતે-ગાજતે નીકળેલી ભગવાનની ભવ્ય શોભાયાત્રા નગરના મુખ્ય રાજમાર્ગો પર ફરી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં ઠેર-ઠેર શોભાયાત્રાનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ભક્તોએ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર નગરમાં ભક્તિમય માહોલમાં પરિભ્રમણ કર્યા બાદ આ શોભાયાત્રા પરત કુબેરજી મંદિરે પહોંચી ત્યારે સમાપન થયું હતું.

### કપડવંજ લાયન્સ ક્લબ અને વેદ હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક ઓર્થોપેડિક કેમ્પ યોજાયો




**કપડવંજ** | લાયન્સ ક્લબ કપડવંજ અને વેદ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ કઠલાલના સંયુક્ત ઉપક્રમે જરૂરતમંદ લોકો માટે મફત ઓર્થોપેડિક કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે ડો. કૃણાલ જોષી, ડો. પૂજન પટેલ અને લાયન્સ પ્રમુખ શાંતિલાલ પ્રજાપતિ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી. હોસ્પિટલ મેનેજર અમિત પટેલના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં ૧૦૦થી વધુ દર્દીઓએ નિ:શુલ્ક તપાસનો લાભ લીધો હતો. આ કેમ્પ દરમિયાન તમામ લાભાર્થીઓને તપાસની સાથે વિનામૂલ્યે દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

### સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં 'આર્ટ ઓફ પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ' પર એક્સપર્ટ સેશન યોજાયું



**આણંદ** | વાસદમાં ધ ન્યુ ઈંગલિશ સ્કૂલ ટ્રસ્ટ સંચાલિત કોલેજમાં કમ્પ્યુટર એપ્લિકેશન અને ITના વિદ્યાર્થીઓ માટે આધુનિક ટેકનોલોજી પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા રિયા કટારીયાએ 'આર્ટ ઓફ પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ' વિષય હેઠળ વિદ્યાર્થીઓને AI ટેકનિક્સનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રોફેસર રોનક બ્રહ્મભટ્ટ અને ચાંદની પટેલ દ્વારા આયોજિત આ સત્રમાં AI પાસેથી યોગ્ય કાર્ય કેવી રીતે મેળવવું તે અંગે વિદ્યાર્થીઓ સાથે સચોટ વાર્તાલાપ કરાયો હતો. આ સફળ આયોજન બદલ સંસ્થાના ચેરમેન અને વિભાગીય વડા ડો. જોનીતા રોમન સહિતના મહાનુભાવોએ આયોજકો અને વિદ્યાર્થીઓનું અભિવાદન કર્યું હતું.

### આણંદની એમ.બી.પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજમાં વાર્ષિક દિનની ભવ્ય ઉજવણી કરાઇ




**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કોલેજમાં આયોજિત આ કાર્યક્રમમાં યુનિવર્સિટી કક્ષાએ ઝળકેલા તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ અને રમતવીરોને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા. સંશોધન ક્ષેત્રે પ્રદાન કરનાર સ્ટાફ મિત્રોને તેમના પેપર પબ્લિકેશન અને સેમિનાર માટે રજિસ્ટ્રેશન ફી સાથે વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ગૌરવશાળી અવસરે ગત વર્ષના ગોલ્ડ મેડલિસ્ટ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પ્રેરક ઉપસ્થિતિમાં વાર્ષિકોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ હતી. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે કાર્યક્રમની સફળતા બદલ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીગણને શુભેચ્છાઓ પાઠવી હતી.

### લુણાવાડામાં એકલિંગજી મહાદેવના પાટોત્સવ નિમિત્તે શોભાયાત્રાથી વાતાવરણ શિવમય બન્યું



**લુણાવાડા** | મહીસાગરના લુણાવાડામાં મેવાડા બ્રાહ્મણોના આરાધ્ય દેવ શ્રી એકલિંગજી મહાદેવનો પાટોત્સવ ફાગણ વદ-14ના રોજ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો. ઘાંટી સ્થિત મંદિરેથી વાજતે-ગાજતે નીકળેલી ભવ્ય શોભાયાત્રા નગરના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેમાં ભક્તો શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. માર્ગમાં આવતા વિવિધ મંદિરોમાં મહાદેવનું પરંપરાગત સ્વાગત, વિશેષ પૂજા-અર્ચના અને દિવ્ય મહાઆરતીનું સુંદર આયોજન કરાયું હતું. સમગ્ર નગરમાં 'હર હર મહાદેવ'ના ગગનભેદી નાદ સાથે વાતાવરણ અત્યંત શિવમય, ભક્તિસભર અને ઉત્સાહપૂર્વક જોવા મળ્યું હતું.